**કૃપાકરી પ્રસિધ્ધી માટે :** **તા.૧૮ એપ્રિલ ૨૦૦૯**

## ગુજરાતી સમાજસેવી અને માજી નગરસેવક શ્રી મહેશ ભટ્ટ
## સેંકડો કાર્યકરો સાથે ભાજપમાં પાછાં ફર્યાં

**મુંબઈ,શનિવાર :** "હું આજે મારા ઘરમાં પાછો ફર્યો છું અને સમાજ સેવાની સાચી દિશાએ ફરી આગળ વધવાનો મને આનંદ છે." આ મુજબનાં શબ્દો કહી માજી નગરસેવક અને જાણીતા સમાજસેવી શ્રી મહેશ ભટ્ટે કોંગ્રેસ ના પદાધિકારીઓ અને સેંકડો કાર્યકરો સાથે લોકસભા ઉમેદવાર શ્રી રામ નાઈકનાં આશીર્વાદ લઈ ભારતીય જનતા પક્ષમાં પ્રવેશ કર્યો હતો. ભાજપ ઉત્તર મુંબઈનાં કાંદીવલી ખાતેનાં કાર્યાલયમાં યોજાએલ એક કાર્યક્રમમાં શ્રી મહેશ ભટ્ટ સાથે યુથ કોંગ્રેસ મુંબઈનાં સચિવ શ્રી ચંદ્રકાંત ભુવડ, તેમજ સર્વશ્રી ચંદ્રકાંત શેઠ, દયાળજી રાઠોડ, આદીનાથ શિંદે, ચંદ્રકાંત નાઈક, વિનોદ સાગર, વિલાસ દવે,હેમંત સોલંકી, ગૌરીશંકર જોશી, ચેતન મહેતા, હિમાંશુ જોશી, મનોજ વાલિયા, જાવેદ શેખ, વિનોદ ચોટાલિયા, અશોક વસમુલ્લા, દિનેશભાઈ, શ્રીમ.નિલાબેન વાલિયા વગેરે પ્રમુખ કાર્યકરો સાથે અનેક લોકોએ પ્રવેશ કરતાં લોકપ્રિય ઉમેદવાર શ્રી રામ નાઈકને બહુમતી થી ચૂંટી લાવવા પ્રણ લીધાં હતાં.

આ પ્રસંગે શ્રી મહેશ ભટ્ટ અને તેમની સાથે આવેલ સર્વ સમાજસેવીઓ નું સવાગત કરતાં શ્રી રામ નાઈકે કહ્યું કે " શ્રી મહેશ ભટ્ટે અનેક વર્ષ ભારતીય જનતા પક્ષમાં કામ કરી નગરસેવક પદને ન્યાય આપ્યો હતો.આજે ફરી ભારતીય જનતા પક્ષની વિચારધારા સાથે સહમત થતાં પક્ષ માં બીજા કાર્યકરોને લઈ પ્રવેશતાં હું તેમને અભિનંદન આપું છું, અને સ્વાગત કરું છું." આ પ્રસંગે ભાજપ મુંબઈનાં અધ્યક્ષ ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટીએ સર્વ કાર્યકરોનું સ્વાગત કરી શ્રી રામ નાઈકને જંગી બહુમતી થી જીતાડવાની હાકલ કરી હતી.

આ પ્રસંગે ભાજપ ઉત્તર મુંબઈનાં અધ્યક્ષ નગરસેવક શ્રી યોગેશ સાગર, સર્વશ્રી ભાઈ ગિરકર, અતુલ ભાતખળકર, માજી ડે.મેયર રમેશ મેઢેકર, ઉત્તર મુંબઈ ભાજપનાં સર્વ પદાધિકારીઓએ પણ ઉપસ્થિત રહી શ્રી મહેશ ભટ્ટ સાથે આવેલ સર્વે નું સ્વાગત કર્યું હતું.

**(વિનોદ શેલાર)**
**પ્રસિધ્ધી પ્રમુખ**
**મો. ૯૮૬૭૬૮૯૫૪૦**